ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી**

તા.૩૧/૧૦/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી ..............................,
ભાવનગર.

## સમગ્ર ગુજરાતમાં રાજય કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનમાં રજૂ થયેલ ૨૮૦ પ્રોજેકટ માંથી ભાવનગર જિલ્લાના પ્રોજેકટની પસંદગી

સમગ્ર ગુજરાતમાં ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ & ટેકનોલોજી (ગુજકોસ્ટ) દ્વારા નેશનલ ચિલ્ડ્રન સાયન્સ કોંગ્રેસ (NCSC) પ્રવૃતિનું સંકલન કરવામાં આવે છે. જેના ભાગરૂપે ભાવનગર જિલ્લામાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનનું આયોજન ભાવનગર ખાતે કરવામાં આવેલ.

જિલ્લા કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનમાં વિજેતા થયેલ ૧૨ ટીમો ના વિદ્યાર્થીઓએ તા.૩૦ અને ૩૧ ઓકટોબરના રોજ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે યોજાયેલ રાજય કક્ષાના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનમાં ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ. જેમાં ગુજરાતના સમગ્ર જિલ્લામાંથી વિજેતા થયેલ કુલ ૨૮૦ ટીમોના વિદ્યાર્થીઓએ પોતાની રજૂઆત કરેલ. જેમાથી ૨૮ ટીમોના વિદ્યાર્થીના પ્રોજેકટ રાષ્ટ્રીય કક્ષા માટે પસંદગી પામેલ.

ભાવનગર જિલ્લાનું પ્રતિનિધિત્વ કરેલ ટીમો માંથી **કુ.મોણપરા જેન્સી** (જગદિશ્વરાનંદ પ્રા.શાળા, નારી) નો પ્રોજેકટ પસંદગી પામેલ. **જેઓ તા. ૨૭ થી ૩૧ ડિસેમ્બર–૨૦૧૫** દરમીયાન મોહાલી, ચંદીગઢ ખાતે યોજાનાર **રાષ્ટ્રીય કક્ષા ના રાષ્ટ્રીય બાળ વિજ્ઞાન સંમેલનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરશે**. જે બદલ કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગરના પ્રમુખશ્રી પરેશભાઈ ત્રિવેદી તેમજ ચેરમેન ડૉ.ભાવેશભાઈ ભરાડ તથા તેમની ટીમે શાળાના માર્ગદર્શક શિક્ષકશ્રી વિપુલભાઇ પંડયા તેમજ વિજેતા વિદ્યાર્થીનીને આગામી સ્પર્ધા માટે શુભેચ્છા પાઠવી અભિનંદન આપેલ.

(હર્ષદ જોષી)
ઓફિસઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.